ઉત્તરાયણ પહેલા દારૂનો સ્ટોક કરવા બુટલેગરો સક્રિય

એક્સપ્રેસ વે પરથી ગ્રામ્ય LCBએ રૂા. 36.66 લાખનો દારૂ પકડયો

રાજસ્થાનથી કુલરના ફાઇબરના જુના બોક્ષની આડમાં તેમજ ટ્રકમાં આગળના ભાગે ચોરખાનુ બનાવી અમદાવાદ લઈ જવાતો હતો

(પ્રતિનિધિ) સાવલી/વડોદરા તા.9

ઉતરાયણ ના તહેવાર દરમિયાન દારૂની રેલમછેલ કરવા માટે બુટલેગર સક્રિય થયા છે અને દારૂનો સ્ટોક કરવા માટે રાજ્ય બહારથી મંગાવવા શરૂ કરી દીધું છે. પરંતુ પોલીસ પણ તેમની ગતિવિધિઓ પર સતત નજર રાખી રહી છે. રાજસ્થાનથી કુલરના ફાઇબરના જુના બોક્ષની આડમાં તેમજ ટ્રકમાં આગળના ભાગે ચોરખાનુ બનાવી સંતાડી અમદાવાદ લઈ જવાતો હતો. જેથી વડોદરા ગ્રામ્ય એલસીબીની ટીમે એક્સપ્રેસ હાઈવે પર થી આ દારૂ ભરેલા ટ્રકને ઝડપી પાડ્યો હતો. ટ્રકમાં તપાસ કરતાં ચોર ખાનામાં કંટાળી રાખેલો રૂપિયા 36.66 લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી એલસીબીએ વિદેશી દારૂ, મોબાઈલ ટ્રક રોકડ રકમ અને કુલર ના જુના બોક્સ મળી રૂપિયા 46.89 લાખનો મુદામાલ કબજે કરવામાં આવ્યો છે. દારૂ લઈને આવેલા ડ્રાઈવરની ધરપકડ કરી હતી જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર તથા મોકલનારને વોન્ટેડ જાહેર કર્યા છે.

વડોદરા જિલ્લામાં ઉતરાયણના તહેવાર દરમીયાન દારૂની રેલમછેલ કરવા માટે બુટલેગરો સક્રિય થયા અને રાજ્ય બહારથી વિદેશી દારૂનો જથ્થો મંગાવી રહ્યા છે. ત્યારે પોલીસ અધીક્ષક વડોદરા ગ્રામ્ય સુશિલ અગ્રવાલ દ્વારા ઓપરેશન પરાક્રમ અંતર્ગત જીલ્લાના પ્રોહીબીશન, બુટલેગર્સ, ડ્રગ્સ અને ગાંજા સહિતના પદાર્થ નો વેપલો કરી રહ્યા હોય તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા

સૂચના આપવામાં આવી હતી. જેના આધારે એલસીબીની ટીમ 8 જાન્યુઆરીની રાત્રીના સમયે મંજુસર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના એક્સપ્રેસ વે ઉપર એલસીબીની નાઈટ પેટ્રોલિંગ કરી હતી. દરમીયાન બાતમી મળી હતી કે એક ટ્રકમાં ચાલક વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાનથી ભરીને આવી રહ્યો છે અને વડોદરાથી એક્સપ્રેસ હાઈવે રોડ થઈ અમદાવાદ તરફ જવાનો છે. જેના આધારે એલસીબી ટીમ દ્વારા આજોડ ગામની સીમમાં એક્સપ્રેસ-વે ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી.

દરમીયાન ટ્રક આવતા તેને એલસીબીની ટીમે ઊભો રખાવી તપાસ કરતા ડ્રાઈવર એકલો જ હતો. તેનું નામ પુછતા દેવારામ રાજુરામ જાટ (રહે.મોતીયોણીયો કાતલા તા.જી.બાડમેર (રાજસ્થાન) નો હોવાનું જણાવ્યુ હતું. તેને સાથે રાખી ટ્રકની પાછળના ભાગે દરવાજાને તાળુ મારેલુ હોય જે ખોલી તપાસ કરતા કુલરના ફાઈબરના જુના બોક્ષની આડમાં આગળના ભાગે ચોરખાનુ બનાવ્યાનું માલુમ પડ્યું હતું. તેમાં તપાસ કરી હતી ત્યારે .36.66 લાખનો વિદેશી દારૂનો જથ્થો મળ્યો હતો. જેથી એલસીબીએ દારૂ, રોકડા રૂપીયા 12 હજાર, મોબાઈલ 1 રૂ.5 હજાર, ટ્રક રૂ.10 લાખ તથા કુલરના જુના બોક્સ રૂ.5 હજાર મળી રૂ.46.89 લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

ડ્રાઈવરને વિદેશી દારૂનો કયાંથી ભરી લઈ આવ્યો અને કોને આપવાનો હતો તે બાબતેની પુછપરછ કરતા ત્રણેક દિવસ ઉપર પવન માલવ ઉર્ફે મહેન્દ્ર (રહે. રાજસ્થાન)એ ઉદેપુર બાયપાસ હાઈવે ઉપર ગોગુંદા રોડ ઉપરથી વિદેશી દારૂ ભરેલી ટ્રક અપાવી હતી અને તેના કહ્યા મુજબ અમદાવાદ પહોંચ્યા પછી ફોન કરવાનું જણાવ્યુ હતું. વિદેશી દારુના જથ્થા સાથે પકડાયેલા ડ્રાઈવરને આગળની કાર્યવાહી માટે મંજુસર પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરાયો છે.

બુટલેગરનો અજીબોગરીબ કીમિયો, બાઈકની પેટ્રોલ ટાંકીમાં ચોરખાનું બનાવી દારૂ સંતાડ્યો

વિદેશી દારૂના ક્વાટરીયા સાથે બે શખ્સો છાણી બ્રિજ પાસેથી ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 9

વડોદરા શહેરમાં બુટલેગરો દારૂની હેરાફેરી માટે અવનવા કીમિયા અજમાવી રહ્યા છે. છાણી બ્રિજ ઉતરતા ફર્ટિલાઇઝર ગેટ પાસે છાણી પોલીસે બાઈક પર વિદેશી દારૂ લઈ જતાં બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન બુટલેગરનો દારૂ છુપાવવાનો અનોખો કીમિયો જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બાઈકની પેટ્રોલ ટાંકીમાં ચોરખાનું બનાવી તેમાં વિદેશી દારૂના ક્વાટરીયા સંતાડવામાં આવ્યા હતા.

બાતમી મુજબની બાઈક આવતા પોલીસે તેને અટકાવી તપાસ કરી હતી. બાઈકની પેટ્રોલ ટાંકી ખોલતા અંદરથી વિદેશી દારૂના કુલ 144 ક્વાટરીયા મળી આવ્યા હતા.

પોલીસે બાઈક ચાલક પરેશ નગીન રાઠવા (રહે. પટેલ ફળીયુ, પંડરવાગામ, તા. જેતપુર પાવી, જી. છોટાઉદેપુર) અને પાછળ બેઠેલા રણજીત ભરત રાઠવા (રહે. પટેલ ફળીયુ, સજુલીગામ, તા. જેતપુર પાવી, જી. છોટાઉદેપુર) ની ધરપકડ કરી છે.

પોલીસે તેમની પાસેથી વિદેશી દારૂ રૂ. 24 હજાર, બે મોબાઈલ રૂ. 10 હજાર તથા બાઈક રૂ. 30 હજાર મળી કુલ રૂ. 64 હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સગીરાના બળજબરીપૂર્વક એક આરોપીના ઘરમાં લઇને બંનેએ વારાફરતી બળાત્કાર ગુજાર્યો હતો

નવાયાર્ડ વિસ્તારમાં રહેતી 15 વર્ષીય સગીરા પર ગેંગરેપ ગુજારનાર બંને આરોપીની ધરપકડ

હવસખોરોએ ત્રણથી ચાર કલાક સુધી ઘરમાં ગોંધી રાખી બાળકીનું શારીરીક શોષણ કરતા રહ્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.9

નવાયાર્ડ વિસ્તારમાં 15 વર્ષીય સગીરા ટ્યુશન ક્લાસમાં જતી હતી ત્યારે પાડોશમાં રહેત બે યુવકો દ્વારા તેને જબરદસ્તીથી હર્ષિતના મકાનમાં આરોપીના મકાનમાં લઈને જઈ ત્રણ સાડા ત્રણ કલાક સુધી ગોંધી રાખીને બળજબરીપૂર્વક ગેંગ રેપ ગુજાર્યો હતો. સગીરાની માતાએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં જ બંને આરોપીની ધરપકડ કરી લીધી છે.

નવાયાર્ડમાં રહેતી 15 વર્ષીય સગીર સવારના દસેક વાગે મોહલ્લામાં ટ્યુશન ક્લાસમાં ગઇ હતી અને બપોરના દોઢેક વાગ્યા સુધી તે પરત આવી ન હતી. બે વાગ્યાના આસપાસ ભાઈનો ફોન આવ્યો હતો અને તેણે જણાવ્યું હતું કે, તેની 15 વર્ષની બેન ક્યાં છે? ત્યારે માતાએ પુત્રને દીકરી ભણવા માટેનુ કહીને ગઇ છે, પરંતુ હજુ સુધી ઘરે પરત આવી નથી. દિકરાએ જણાવ્યું હતું તેના દોસ્તનો ફોન આવ્યો હતો કે તારી બેન આશાપુરીમાં બેઠી છે. જેથી માતા દિકરીને શોધવા માટે નીકળ્યાં હતા અને દિકરી આશાપુરીમાં એક મહિલા સાથે બેઠેલી મળી આવી હતી. જેથી માતાએ તેમની દિકરીની પૂછપરછ કરતા તેણીએ જણાવ્યું હતુ કે હર્ષીત અને જોન્ટી મને પકડી જબરજસ્તીથી ઘરમાં લઇ ગયાં હતા ત્રણથી સાડા ત્રણ કલાક સુધી મારી મરજી વિરુધ્ધ બળજબરીપુર્વક બળાત્કાર ગુજાર્યો હતો. જેથી મેં બુમાબુમ કરતા તેમણે મને છોડી દીધી હતી અને હું ઘરનો રસ્તો ભુલી ગઇ હોય અહિયા બેઠી છુ તેમ જણાવ્યું હતું. દીકરીની વાત સાંભળીને માતાના પગ નીચેથી જામીન સરકી ગઇ હતી. જેથી માતાએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં સામૂહિક દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મ ગુજાનાર બંને આરોપી હર્ષિત તથા જોન્ટીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

FSLની મદદથી મકાનમાંથી પુરાવવા મેળવાયાં

નવાયાર્ડ વિસ્તારમાં રહેતી 15 વર્ષીય સગીરા બળજબરીપૂર્વક હર્ષિત તેના ઘરમાં લઇ ગયો હતો. ત્યારબાદ તેણે જોન્ટીને ફોન કરી બોલાવ્યો હતો. બંને જણાએ વારા ફરતી સગીરા પર દુષ્કર્મ ગુજાર્યું હતું. જેથી પોલીસે પહેલા હર્ષિત તથા ત્યારબાદ જોન્ટીને ઝડપી પાડ્યો હતો. હાલમાં જ્યા ઘટના બની હતી તે મકાનને પોલીસે સીલ કરી ત્યાંથી એફએસએલની મદદથી પુરાવા મેળવવામા આવ્યાં છે.જોન્ટી નામનો આરોપી ગુનાઇત ભુતકાળ ધરાવે છે. - **જગદીશ ચાવડા,** ડીસીપી ઝોન -1

બંને દુષ્કર્મીના 3 દિવસના રિમાન્ડ

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ સગીરા પર દુષ્કર્મ ગુજારનાર બંને આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. ત્યારે તેમની વધુ પુછપરછ કરવા તથા આ ગુનામાં અન્ય કોઇની સંડોવણી છે કે તેની તપાસ કરવા માટે બંને આરોપીને કોર્ટમાં રજૂ કરીને પાંચ દિવસના રિમાન્ડની ફતેગંજ પોલીસે માંગણી કરતા કોર્ટે 3 દિવસના મંજુર કર્યાં છે.

વૈશ્વિક શૈક્ષણિક ભાગીદારી સાથે સ્થિતિસ્થાપકતા પર બહુવિધ ચર્ચાઓ

નવરચના યુનિ.માં ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન રિઝિલિયન્સ 2026નો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરાની નવરચના યુનિવર્સિટી ખાતે 9 અને 10 જાન્યુઆરી દરમિયાન ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઑન રિઝિલિયન્સ (ICR 2026)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વૈશ્વિક શૈક્ષણિક ભાગીદારી સાથે આયોજિત આ કોન્ફરન્સનો હેતુ સ્થિતિસ્થાપકતાને આંતરશાખાકીય અને વ્યવહારૂ અભિગમથી સમજવાનો છે.

કોન્ફરન્સમાં વિશ્વભરના સંશોધકો, શિક્ષણવિદો, પ્રેક્ટિશનર્સ અને નીતિનિર્માતાઓ ભાગ લઈ રહ્યા છે. પર્યાવરણીય, આર્થિક, સામાજિક સ્થિતિસ્થાપકતા, શહેરી આયોજન તથા માહિતી-ડિજિટલ સ્થિતિસ્થાપકતા જેવા પાંચ મુખ્ય વિષયો પર ચર્ચાઓ યોજાઈ રહી છે.

યુનિવર્સિટીની 'ખોજ' પહેલ અંતર્ગત શહેરી અને ગ્રામીણ સ્થિતિસ્થાપકતા પર આધારિત 31 પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવ્યા છે, જેમાં 741 વિદ્યાર્થીઓ અને 65 ફેકલ્ટી સભ્યો સંકળાયેલા છે. ખોજ એક્ઝિબિશનમાં 185થી વધુ પેનલ અને મોડેલ પ્રદર્શિત કરવામાં આવ્યા, જેનું ઉદ્ઘાટન વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ દ્વારા કરવામાં આવ્યું.

પ્રથમ દિવસે પર્યાવરણીય અધોગતિ, શહેરી ટ્રાફિક, કામદારોની સ્થિતિ, જળ સંસાધન વ્યવસ્થાપન જેવા વિષયો પર પેપર પ્રેઝન્ટેશન અને વિસ્તૃત ચર્ચાઓ યોજાઈ. ઉદ્ઘાટન સત્રમાં આંતરરાષ્ટ્રીય વિદ્વાનો દ્વારા વૈશ્વિક દ્રષ્ટિકોણ રજૂ કરવામાં આવ્યો. બીજા દિવસે જળ સંચાલન, માનસિક સ્વાસ્થ્ય, આબોહવા પરિવર્તન અને ટકાઉ શહેરી વિકાસ પર વિશેષ ચર્ચાઓ યોજાનાર છે. ICR 2026 વડોદરાને એકેડેમિક અને નીતિ સંવાદના મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે વધુ મજબૂત બનાવે છે.

MSU ટેકનોલોજી ફેકલ્ટીમાં 200 કર્મીના પગાર અટવાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા સંસ્કારી નગરી વડોદરાની વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ફરી એકવાર વહીવટી અવગણના અને ગ્રાંટની ખેંચ સામે આવી છે. યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટીમાં સરકાર તરફથી મળતી ગ્રાંટમાં થયેલા વિલંબના કારણે 150 જેટલા હંગામી અધ્યાપકો અને 50 કર્મચારીઓના પગાર અટવાઈ પડતા ભારે હોબાળો મચ્યો હતો. અંતે મામલો બિચકતા યુનિવર્સિટી સત્તાધીશોએ અન્ય ગ્રાંટમાંથી રકમ ડાયવર્ટ કરીને મોડી સાંજે પગાર ચૂકવવાની ફરજ પડી હતી.

મળતી માહિતી મુજબ, ટેકનોલોજી ફેકલ્ટીને રાજ્ય સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા ઉચ્ચક ગ્રાંટ ફાળવવામાં આવે છે. સામાન્ય રીતે આ ગ્રાંટમાંથી જ હંગામી સ્ટાફનો પગાર કરવામાં આવતો હોય છે. જોકે, છેલ્લા એક વર્ષથી યુનિવર્સિટીને ગ્રાંટનો નવો હપ્તો પ્રાપ્ત થયો નથી.

દાંડિયા બજાર વિસ્તારની હોસ્ટેલમાં ક્રાઈમ બ્રાન્ચે વહેલી સવારે રેડ કરી

એમ.એસ.યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી પાસેથી ગાંજા ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા શહેરનાં દાંડિયાબજાર બ્રહ્માકુમારી વિસ્તારમાં આવેલા હોસ્ટેલમાં ક્રાઈમ બ્રાંચની ટીમે રેડ કરીને એમ એસ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા સાથે મોડેલિંગ કરતા વિદ્યાર્થીને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. વિદ્યાર્થી હોસ્ટેલમાં જ ગાંજાનું સેવન કરતો હતો.

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારમાં એમડી ડ્રગ્સ, ગાંજો ચોરસ અને અફીણ તેમજ નશાયુક્ત ઈન્જેક્શન સીરપ અને ટેબલેટનું ગેરકાયદે વેચાણ થઈ રહ્યું છે. જેનું સેવન કરીને પોતાની જીંદગી બરબાદ કરી રહ્યા હતાં. જેને લઇ વડોદરા શહેર પોલીસ દ્વારા નશાયુક્ત પદાર્થોના વેચાણ પર સતત વૉચ રાખવામાં આવી રહી છે. ત્યારે ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે દાંડિયાબજાર બ્રહ્માકુમારી વિસ્તારમાં આવેલા હોસ્ટેલમાં નશાયુક્ત પદાર્થનો નશો કરવામાં આવે છે. જેના આધારે ક્રાઈમ બ્રાંચે 9 જાન્યુઆરીના રોજ બાતમી મુજબના સ્થળ હોસ્ટેલમાં રેડ કરવામાં આવી હતી.

ત્યારે હોસ્ટેલના એક રૂમમાંથી એમ એસ યુનિવર્સિટીમાં મોડેલિંગનો અભ્યાસ કરતો વિદ્યાર્થી નશીલા પદાર્થ સાથે ઝડપાઈ ગયો હતો. જેથી ક્રાઈમ બ્રાંચ દ્વારા નશીલો પદાર્થ શું છે. તેની ખાતરી કરવા માટે ક્રાઈમ બ્રાંચે એફએસએલની મદદ લેવામાં આવી હતી. ત્યારે એફએસએલની ટીમે નશીલા પદાર્થની ચકાસણી કરી હતી ત્યારે આ ગાંજો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી ક્રાઈમ બ્રાંચે એમ એસ યુનિવર્સિટીનાં વિદ્યાર્થી સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

MSUમાં 'શ્રીવાસ્તવ યુગ'ની હંગામી નીતિનો અંત

VC પ્રો. ભણગેનો સપાટો, કોમર્સના 5 વિભાગોને મળ્યા કાયમી 'હેડ'

લોબિંગ કરનારાઓ ફાવ્યા નહીં, સિનિયોરિટીના આધારે વરણી કરી પારદર્શિતાનો સંકેત આપ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.9

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સત્તાધીશોએ વહીવટી પ્રક્રિયાને વેગ આપવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. યુનિવર્સિટીની સૌથી મોટી ગણાતી કોમર્સ ફેકલ્ટીથી નિયમિત વિભાગીય વડા ની નિમણૂક કરવાની પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. લાંબા સમય બાદ ફેકલ્ટીના તમામ પાંચેય વિભાગોમાં કાયમી હેડની નિમણૂક કરવામાં આવતા શૈક્ષણિક આલમમાં ગરમાવો જોવા મળ્યો છે.

યુનિવર્સિટીના વર્તમાન વાઈસ ચાન્સેલર પ્રો. ભણગેએ સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે નિમણૂકોમાં કોઈપણ પ્રકારનું રાજકીય કે અંગત લોબિંગ ચલાવી લેવામાં આવશે નહીં. અગાઉના વાઈસ ચાન્સેલર ડો. શ્રીવાસ્તવના કાર્યકાળમાં મળતિયાઓને હંગામી ધોરણે હેડ બનાવવાની જે નીતિ ચાલતી હતી, તેનાથી વિપરીત પ્રો. ભણગેએ કેવળ સિનિયોરિટી ને જ આધાર બનાવીને આ નિમણૂકો કરી છે.

યુનિવર્સિટીના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કુલ 98 વિભાગોમાંથી અંદાજે 85 ટકા વિભાગોમાં અત્યાર સુધી નિયમિત હેડ નહોતા, જેના કારણે વહીવટી અને શૈક્ષણિક નિર્ણયો લેવામાં વિલંબ થતો હતો. આ પરિસ્થિતિને જોતા વાઈસ ચાન્સેલરે આગામી એપ્રિલ મહિના સુધીમાં તબક્કાવાર રીતે તમામ વિભાગોમાં નિયમિત હેડની નિમણૂક પૂર્ણ કરવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.

શહેરમાં અકસ્માતોનો સિલસિલો યથાવત

ફતેગંજ-પંડ્યા બ્રિજ પર બેકાબુ થ્રી વ્હિલર ટેમ્પોએ રિક્શાને અથાડી પલટી મારી : 2ને ઈજા

બંને ઈજાગ્રસ્તોને રાહદારીઓએ સારવાર અર્થે હોસ્પિટલમાં પહોંચાડ્યા

(પ્રતિનિધિ) વડોદરા. તા.9

વડોદરા શહેરના મુખ્ય માર્ગો પર અકસ્માતોની વણથંભી ઘટનાઓ વચ્ચે, આજે ફતેગંજ વિસ્તારમાં વધુ એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. ફતેગંજ બ્રીજ ઉતરીને પંડ્યા બ્રીજ તરફ જતી લેનમાં એક ઓટો રિક્ષા અચાનક વચ્ચે આવી જતાં પાછળથી આવી રહેલા એક થ્રી-વ્હીલર ટેમ્પા ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે, કાબૂ ગુમાવ્યા બાદ ટેમ્પો પલટી ખાઈ ગયો હતો. આ અકસ્માતના બનાવને કારણે બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત બાદ તરત રાહદારીઓની મદદથી ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

માર્ગ સલામતી સપ્તાહ વચ્ચે જ અકસ્માત ના બનાવો બનતા ટ્રાફિક પોલીસની કામગીરી પર પ્રશ્નાર્થ. શહેરમાં વારંવાર સર્જાતા આ પ્રકારના અકસ્માતો હવે ટ્રાફિક વ્યવસ્થા અને માર્ગ સલામતી પર ગંભીર સવાલો ઊભા કરી રહ્યા છે. મહત્વપૂર્ણ છે કે હાલમાં જ ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. એક તરફ 'સલામત સવારી'ના બણગાં ફૂંકાય છે, ત્યારે મુખ્ય માર્ગો પર જ નિયંત્રણનો અભાવ અને વાહન ચાલકોની બેદરકારીને કારણે થતા અકસ્માતોની હારમાળા પોલીસની કામગીરીની પોલ ખોલી રહી છે. શહેરીજનોમાં એવી ચર્ચા છે કે ટ્રાફિક પોલીસની માર્ગ સલામતીની કામગીરી માત્ર દેખાડા પૂરતી જ છે. જો ટ્રાફિક નિયમોનું કડક પાલન અને યોગ્ય પેટ્રોલિંગ કરવામાં આવે તો આ પ્રકારની જાનહાનિ ટાળી શકાય તેમ છે. વડોદરાના નાગરિકો હવે ટ્રાફિક પોલીસ કમિશનર પાસે આ માર્ગો પર સઘન પેટ્રોલિંગ અને માર્ગ સલામતીના નિયમોનું કડક અમલ કરાવવાની માગણી કરી રહ્યા છે, જેથી ભવિષ્યમાં આવા અકસ્માતો ટાળી શકાય.

GACLના મૃતક કર્મચારીના પરિવારને 20 લાખની સહાય ચુકવવામાં આવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.9

ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GACL) કંપનીમાં ફરજ બજાવતા મૂળજીભાઈનું આકસ્મિક અવસાન થતાં તેમના શોકગ્રસ્ત પરિવારને કંપની તરફથી મોટી આર્થિક સહાય મળી છે. સામાજિક કાર્યકર લખણ દરબારની સરાહનીય મધ્યસ્થીના પગલે કંપનીએ મૃતક કર્મચારીના પરિવારને 20 લાખ રૂપિયા (વીસ લાખ) ની સહાય ચૂકવી છે.

મળતી માહિતી મુજબ, GACLમાં ફરજ બજાવતા મૂળજીભાઈનું અચાનક દુઃખદ નિધન થતાં તેમના પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. આ કપરા સમયમાં પરિવારને આર્થિક ટેકો મળી રહે તે હેતુથી સામાજિક કાર્યકર લખણ દરબારે કંપનીના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પરિવારની પરિસ્થિતિ રજૂ કરી યોગ્ય સહાય માટે વિનંતી કરી હતી. બંને અગ્રણીઓની સક્રિય ભૂમિકા અને હકારાત્મક પ્રયાસોને પરિણામે, GACL કંપનીના વહીવટીતંત્રે માનવતા દાખવીને મૃતક મૂળજીભાઈના

પરિવારને તાત્કાલિક અસરથી રૂ. 20 લાખની સહાય મંજૂર કરી હતી. આજ રોજ આ સહાયની રકમ પરિવારજનોને સુપરત કરવામાં આવી હતી.

સામાજિક કાર્યકર લખણ દરબારે આ સમગ્ર પ્રક્રિયામાં પારિવારિક સભ્યોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડી, યોગ્ય સમયે યોગ્ય રજૂઆત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. કંપની તરફથી મળેલી આ માતબર રકમના કારણે મૂળજીભાઈના પરિવારને કપરી આર્થિક પરિસ્થિતિમાંથી બહાર આવવામાં મોટો ટેકો મળશે. સામાજિક કાર્યકરના પ્રયાસોથી ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારને સમયસર ન્યાય અને સહાય મળી રહેવાનું આ ઉત્તમ ઉદાહરણ છે.

મ્યાનમારમાં ફસાયેલા ભારતીય યુવકની વતન વાપસી

(પ્રતિનિધિ) વડોદરા તા.9

મ્યાનમારમાં ફસાયેલા ભારતીય નાગરિકને આખરે એક મહિનાના સંઘર્ષ બાદ સુરક્ષિત રીતે વતન પરત લાવવામાં ભારત સરકાર અને વિદેશ મંત્રાલયને સફળતા મળી છે. છેલ્લા એક મહિનાથી મ્યાનમારમાં ફસાયેલા આ યુવકની મુશ્કેલી અંગે સ્થાનિક ધારાસભ્ય કેતન ઈનામદાર અને સાંસદ હેમાંગ જોશી દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ સઘન રજૂઆત કરવામાં આવી હતી. આ બંને નેતાઓની સતત રજૂઆત અને ભારત સરકાર તેમજ વિદેશ મંત્રાલયની સમયસર અને સફળ કામગીરીને પગલે મ્યાનમારમાં ફસાયેલા યુવકને મુક્ત કરાવીને ભારત પરત લાવવામાં આવ્યા છે. સ્વદેશ પરત ફરેલા યુવકમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના સાંઢાસાલ ગામે રહેતા ગુંજન શાહનો છે. ગુંજન શાહ આજે રાત્રે 8 વાગે ઈન્ડિગો ફ્લાઈટ દ્વારા દિલ્હીથી વડોદરા એરપોર્ટ પર આવી પહોચશે.

છેતરપિંડીના ગુનામાં આરોપીએ નકલી પોલીસની ભુમિકા ભજવી હતી

સસ્તામાં સોનુ અપાવવાના બહાને રૂ.4.92 કરોડની ઠગાઈનો વધુ એક આરોપી ઝડપાયો

ઠગાઇમાં અગાઉ ચાર આરોપી ઝડપાયાં હતા આંક 5 પર પહોંચ્યો,

(પ્રતિનિધિ) વડોદરા તા.9

સસ્તામાં સોનું અપાવવાના બહાને તથા રૂ.10 કરોડની લોન અપાવવાનું કહીને રૂપિયા 4.92 કરોડની રકમ પડાવી લેવામાં આવ્યાં હતા. ઉપરાંત આ છેતરપિંડીના ગુનામાં નકલી પોલીસ બની ગુનામાં સંડોવણી ધરાવનાર ફરાર આરોપીને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે.

વડોદરા શહેરના ગેંડ સર્કલ પાસે આવેલા એટલાન્ટીક હાઈટ્સ ગેંડા સર્કલ રાધે એન્ટ્રપ્રાઈઝ ઈનપોર્ટ એક્ષપોર્ટ એન્ડ ફાયનાન્સની ઓફીસમા પી રાજવીર ઉર્ફે તથા ઈલ્યાસ મહંમદ સિરાજખાન અજમેરી (રહે. તથબા રેસીડેન્સી, યોગીકુટીરની બાજુમા તાંદલજા વડોદરા) તથા યોગીકુટીર, મરીયમ કોમ્પલેક્ષ, તાંદલજા વડોદરા) તથા તેના ભાગીદારો વિશાલ બારડ, નયના મહીડા તેમજ અન્ય આરોપીઓએ વેપારીને ઓછી કિંમતે સોનુ આપવાની લાલચ આપી વિશાલ તથા નયના મહીડાએ લોન અપાવવાનો ભરોસો અપાવી રૂપિયા 4.92 કરોડ લોન આપવા માટે બેંકના મેનેજરને કમીશન પેટે એડવાન્સ આપવાના જણાવી આરોપીઓ ખંખેરી લીધા હતા. રકમ સસ્તા ભાવે સોનુ આપવાના રૂપિયા 10 કરોડની લોન અપાવવાની ખોટી લાલચ આપી હતી પરંતુ આ ઠગ ટોળકીએ વેપારીને કોઇ સસ્તામાં સોનુ નહી આપી કે લોન પણ નહી અપાવડાવી બનાવટી પોલીસ ઉભી કરી તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. આ ગુનામાં અગાઉ ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ગુનામાં નાસતા ફરતા આરોપીઓ પૈકીનો આરોપી અનવરખાન નસરૂલ્લાખાન પઠાણ (રહે. લેન્ડમાર્ક ગેલેક્ષી કાલી તલાવડી તાંદલજા વડોદરા શહેર) ને હાલમાં શોધી કાઢવામાં આવ્યો છે. આ આરોપી અનવરખાન પઠાણ પોતે પોલીસ ન હોવા છતાં પોતાની પોલીસ હોવાની ખોટી ઓળખ આપી ઠગાઈના ગુનામાં ભુમિકા ભજવી હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપી અનવરખાન પઠાણની ધરપકડ કરી આરોપી વધુ પૂછપરછ માટે તેને કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવાની કાર્યવાહી કરાઈ છે.

VGLનો સપાટો : બીલ નહીં ભરનાર 48 જોડાણ કાપી નંખાયા

30 લાખ રૂપિયાની બાકી રકમ ની ઉઘરાણી પણ કરવામાં આવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.9

વડોદરા ગેસ લિમિટેડ દ્વારા સિટી પોલીસ મથકના સ્ટાફને સાથે રાખીને જૂના સિટી વિસ્તારમાં પાઈપ લાઈન ગેસના બાકી રહેલ નાણાં ની ઉઘરાણી કરવા અને જે લોકોએ બાકી રહેલ નાણાં ની ભરપાઈ ન કરી હોય એવા તમામ લોકોના પાઈપ લાઈન ગેસ કનેકશન નું જોડાણ કાપી નાખવાની કામગીરી કરવામાં આવી. સાથે સ્થળ પર થી 30 લાખ રૂપિયા સુધી ની બાકી રકમ ની ઉઘરાણી પણ કરવામાં આવી હતી. અત્યાર સુધી 250 જેટલા લોકો ના કનેકશન બાકી રકમ ને કારણે કાપી નાખવામાં આવ્યા હતા. આ કામગીરી જૂના સિટી વિસ્તાર જેમ કે દૂધવાળા મોહલ્લા, ચૂડીવાળા મોહલ્લા, બાજવાડા, નરસિંહજીની પોળ, કોયલી ફળિયા, રાણાવાસ, નાની છીપવાડ, મેહતાપોળ અને યાકુતપુરા વિસ્તારમાં કરવામાં આવી હતી. વડોદરા ગેસ લિમિટેડ ની 3 ટીમો માં 59 કર્મચારીઓ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે આ કામગીરી કરવામાં આવી હતી. જેમાંથી 48 જોડાણ કાપી નાખવામાં આવ્યા હતા જેમાંથી 6 બાકીદારોએ સ્થળ પર જ રકમ ની ભરપાઈ કરી દીધી હતી એટલે એમના કાપી નાખેલા જોડાણ ફરી ચાલુ કરી આપવામાં આવ્યા હતા. જેમાંથી 42 લોકોના લાખોના બાકી રહેલ નાણાં ની ભરપાઈ બાકી છે.